**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૫.૮ ડીગ્રી
લઘુતમ : ૭.૭ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૪૯ ટકા

# શહેરમાં ઉલ્લાસપૂર્વક ઉત્તરાયણની ઉજવણી

## આખું આકાશ રંગબેરંગી પતંગોથી છવાયું : સવારે પવન ઓછો રહ્યો પરંતુ બપોર બાદ પવન સ્થિત થતાં પતંગ રસિયાઓને મોજ પડી : ઉંધીયું, બોર, ચિક્કીની જયાફત ઉડાવતા શહેરીજનો





ગાંધીનગર, તા.૧૫

યુવાનોને અતિપ્રિય એવા ઉત્તરાયણની ગાંધીનગરમાં ધામધૂમથી ઉજવણી થઈ હતી. પતંગ ઉડાડવાની મજા સાથે યુવાનોએ ધાબા પર મ્યુઝિક સિસ્ટમ ગોઠવી અગાસીને ડિસ્કોથેકમાં ફેરવી નાંખ્યું હતું. ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણના દિવસે આકાશમાં ઘણા બધા પતંગ ઉડયા હતા. મોડી સાંજે આકાશ રંગબેરંગી ફટાકડાઓથી ભરાઈ ગયું હતું. આ વખતે ચાઈનીઝ તુકકલ ઓછા જોવા મળ્યા હતા.

શહેરમાં મકરસંક્રાંતિ પર્વની ઉલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સેકટરો તથા નવા સેકટરોના ધાબાઓ લપેટ... કાપ્યો છે..ના નાદથી ગૂંજી ઉઠયા હતા. મ્યુઝિક સિસ્ટમ સાથે ડાન્સ, માસ્ક પહેરીને ફરતા યુવાનોએ સાંજના નગરમાં માહોલ બનાવ્યો હતો. શહેરમાં સવારે થોડા ઓછા પવન સાથે માહોલ મંદ રહ્યો હતો. પરંતુ બપોર બાદ અચાનક જ પવનની દિશા બદલાતા શહેરીજનોને હાશકારો થયો હતો.




શહેરમાં મકરસંક્રાંતિનો માહોલ બપોર બાદ જામ્યો હતો. આમ તો પહેલા સેકટરોમાં જ આકાશ પતંગથી ભરપૂર જણાતું હતું પણ આ વખતે નવા સેકટરોમાં પણ પતંગ ઉડતા હતા. શેરડી-બોર અને ચીકી ખાઈ શહેરીજનો જોશમાં પતંગ ઉડાવવાની મજા માણતા જણાયા હતા. શહેરના દરેક ધાબા પરથી લપેટ... લપેટ...કાપ્યો છે... કાપ્યો છે..ના નાદ સાથે ધાબા ગૂંજી ઉઠયા હતા. સમી સાંજે શહેરીજનો ધાબા ઉપર મ્યુઝિક પર ડાન્સ કરી પતંગની મજા માણતા નજરે ચઢયા હતા. આજના દિવસે ઉંધીયું ધાબા પર જ લઈ જઈ ભેગા મળી આરોગતા શહેરીજનો ખુશી અનુભવી રહ્યા હતા.

આકાશ જાણે નીતનવા કલરથી ભરાઈ ગયું હતું. લાલ, લીલો, પીળો, સફેદ, ગુલાબી જેવા પતંગ અને દોરીથી આકાશે જાણે રંગબેરંગી ચાદર ઓઢી હોય તેમ લાગતું હતું. મકરસંક્રાંતિના આગલા દિવસે વરસાદ જેવું વાતાવરણ થતા શહેરીજનો ચિંતામાં મુકાયા હતા અને સવાર સુધી ડરમાં રહ્યા હતા કે વરસાદ આવશે તો ઉત્તરાયણ બગડશે પરંતુ ઉત્તરાયણના દિવસે તડકો નીકળતા પતંગ રસિયાઓને હાશકારો થયો હતો. સવારે પવનની દિશા બદલાતી રહી હતી પરંતુ બપોર બાદ પવન સ્થિર થતા પતંગ ચડાવવાની મજા આવી હતી. બપોરે ઉંધિયાની લિજ્જત માણ્યા બાદ અને આખો દિવસ પતંગ ઉડાડવાની મજા બાદ શહેરીજનો સાંજે હોટલ-રેસ્ટોરન્ટ તરફ વળ્યા હતા અને શહેરની હોટલ-રેસ્ટોરન્ટમાં લાંબી લાઈનો લાગી હતી.

આ વર્ષે સાંજે તુકકલ વધુ જોવા મળ્યા ન હતા. ચાઈનીઝ દોરી અને ચાઈનીઝ વસ્તુઓ પર પણ પ્રતિબંધ હોવાથી ચાઈનીઝ દોરી કે તુકકલ દેખા દીધા ન હતાં.



ઉત્તરાયણનું આખું પર્વ ધાબા કે અગાસી પર ઉજવાય છે. આખો દિવસ ધાબા પર તોફાન-મસ્તી સાથે પતંગ ઉડાડવાની મજા માણવામાં આવે છે. જો કે આધુનિક શહેરીકરણની અસર આ પર્વ પર પણ થઈ છે. આધુનિક શહેરીકરણમાં ફલેટ કલ્ચર વધતા અગાસીઓ રહી નથી. ફલેટવાળાઓએ આ પર્વની ઉજવણી માટેનો રસ્તો પણ શોધી કાઢયો છે. વિધાનસભાથી છેક મહાત્મા મંદિર સુધી વિસ્તરેલા વિશાળ સેનટ્રલ વિસ્ટા ગાર્ડનમાં પતંગ રસિયાએ અડીંગો જમાવ્યો હતો. સવારથી મોડી સાંજ સુધી અહીં નગરજનો પરિવારજનો સાથે ઉમટી પડયા હતા. આખો દિવસ અહીં જ પતંગ ઉડાડવાની મોજ માણી લોકોએ અહીં જ ખુલ્લા આકાશ નીચે ઉંધીયુ-જલેબીની જયાફત ઉડાવી હતી.



પતંગોની સાથો સાથ આ વખતે બાળકોને પ્રિય એવા અવનવા બલુન ખુબ વેચાયા હતા. મોર, બાજ, સ્માઈલી, છોટાભીમ, મોટુ-પતલું, બીયર, ડક, કીટી, એના-એલ્સા ડોલ વગેરે જેવા કેરેકટરવાળા બલુન ખુબ વેચાયા હતા. જો કે ફેરીયાઓએ ઉત્તરાયણ પર્વને અનુલક્ષીને ભાવો વધારી દઈ ખૂબ કમાણી કરી હતી. પચાસ રૂપિયાથી લઈને સો રૂપિયા સુધી વિવિધ બલુન વેચાયા હતા.

## બેરોજગાર-હેલ્થકાર્ડ માટે બ્રહ્મબંધુઓએ ૧૫મી ફેબ્રુઆરી સુધીમાં નોંધણી કરાવવી

ગાંધીનગર, તા.૧૫

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા યોજાયેલ મેગા બ્રાહ્મણ સમિટ-૨ અને બ્રહ્મ ગૌરવ એવોર્ડ-૨ના કાર્યક્રમમાં બેરોજગાર યુવક-યુવતીઓ માટે રોજગાર મેળાનું આયોજન કરવામાં આવેલ હોઈ કોઈ કારણસર નોકરી મેળવવા માટેના તથા બ્રહ્મ હેલ્થ કાર્ડના ફોર્મ જે બ્રહ્મબંધુઓ ભરી શકયા નથી તેવોએ ગાંધીનગર જિલ્લામાં વસતા બ્રાહ્મણઓએ સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૬ સહિત ઓમકાર ગ્રાફીકસ બી-૬ શ્રીનાથ કોમ્પ્લેક્ષના ભોંયરામાં ૧૭-૨૨ બસ સ્ટેન્ડ પાસે, સે-૨૨ ગાંધીનગર ખાતેથી ફોર્મ મેળવી ૧૫મી ફેબ્રુઆરી સુધીમાં ભરી દેવા સલાહકાર કનૈયાલાલ પંડયાએ જણાવેલ છે.



સંસ્કાર ગ્રુપના બાળકો દ્વારા ઉત્તરાયણ પર્વ નિમિત્તે ગરીબ બાળકોને પતંગ-દોરી વિતરણ કરવામાં આવ્યું હતું. તથા ખુલ્લામાં પડી રહેલ નકામી દોરીનો જથ્થો એકત્રિત કરી તેનો નાશ કરવામાં આવ્યો હતો.

## શહેરમાં મકરસંક્રાંતિ પર્વે સેવાની સરવાણી વહી...!!

ગાંધીનગર, તા.૧૫

શહેરમાં મકરસંક્રાંતિનું પર્વ દાન-પુણ્ય કાર્ય થકી પરંપરાગત રીતે ઉજવાયું હતું. એક તરફ જયાં પતંગ રસિયાઓ ઉત્તરાયણમાં ધાબો તડી પતંગોત્સવ મનાવી રહ્યા હતા ત્યારે બીજી તરફ શહેરમાં શ્રધ્ધાળુઓ દ્વારા વિવિધ દાન-પુણ્યકાર્યો દ્વારા મકરસંક્રાંતિનું પારંપરિક માહાત્મ જાળવી રાખવા સાથે પર્વની ઉજવણી કરી રહ્યા હતા. શહેરમાં શ્રધ્ધાળુઓ દ્વારા જરૂરિયાતમંદોનો વસ્ત્રો, સીંગતલની ચિક્કી, મમરાના લાડુ, ખિચડી પ્રસાદ, ઉંધિયુ-જલેબી તથા અન્ય નાસ્તો વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકોને પતંગ દોરીનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું જયારે મુંગા પ્રાણીઓ માટે ઘાસચારો, કૂતરાંઓ માટે લાડુ વગેરેના સેવાકાર્યો પણ હાથ ધરાયા હતા.



મકરસંક્રાંતિનું પર્વ દાન પુણ્ય માટે શ્રેષ્ઠ સમયગાળો ગણાય છે. શહેરમાં અનેક સેવાભાવી શ્રધ્ધાળુ નાગરિકો દ્વારા સવારના સમયે ગાયોને ઘાસચારો નીરવાનું પુણ્યકાર્ય કરવામાં આવ્યું હતું. આ માટે કેટલેક સ્થળે તો લાઈનો લાગેલી પણ જોવા મળી હતી. શહેરમાં વિવિધ સોસાયટીઓ તથા ભજનમંડળો કે મહિલા મંડળ દ્વારા કૂતરાં માટે લાડુ બનાવવાનો ઉપક્રમ પણ હાથ ધરવામાં આવેલો જોવા મળ્યો હતો. આ ઉપરાંત વિવિધ સેવાકીય સંસ્થાઓ દ્વારા શહેરની ઝુંપડપટ્ટીમાં વસતા શ્રમજીવી પરિવારના જરૂરિયાતમંદોનો વસ્ત્રો, પતંગ-દોરી, ઉંધિયુ-જલેબી, ફાફડાં-જલેબી કે અન્ય નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું જયારે શહેરના સેવાભાવી યુવાનો દ્વારા ગરીબ અને જરૂરિયાદમંદ વર્ગના બાળકોનો ઉત્તરાયણના દિવસે સીંગ-તલની ચિક્કી, મમરાના લાડુ, ચોકલેટસ તથા બિસ્કીટ અને પતંગોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## દોલારાણા વાસણા ગામે દિપડાના સંકેત મળતા ગ્રામજનોમાં ભયનો માહોલ

### દિપડાને લઈ તંત્ર હરકતમાં, મારણ સાથેનું પાંજરૂ મુક્યું

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી સાબરમતિ નદીના કિનારે આવેલા ગામોમાં દિપડાના આંટાફેરા વધી ગયા હોય તેમ લાગી રહ્યું છે. દોલારાણા વાસણા ગામે ચાર માસ અગાઉ વનવિભાગના તંત્ર દ્વારા દિપડાને પાંજરે પુરવામાં આવ્યો હતો. જેને પગલે ખેડુતો અને ગ્રામજનોમાં હાશકારો જોવા મળ્યો હતો. ત્યારે આજે ફરીવાર દિપડાના પગલા દોલારાણા વાસણા ગામે જોવા મળતા ખેડુતોમાં ભયનો માહોલ જોવા મળ્યો છે. ત્યારે વનવિભાગ પણ હરકતમાં આવી ગયું છે અને મારણ સહિતનું પાંજરુ પણ દિપડાને પકડવા માટે મુકવામાં આવ્યું છે.

સચિવાલયમાં દિપડાએ દેખા દીધા બાદ સાબરમતિ નદીના કિનારે વસેલા ગામોમાં ઘણા સમય સુધી દિપડાની દહેશત જોવા મળી હતી. ત્યારે દોલારાણા વાસણા ગામની પાસે આવેલા બાપુપુરાના જંગલ વિસ્તારમાંથી વનવિભાગે એક દિપડાને પાંજરે પુરવામાં સફળતા મેળવી હતી. આ દિપડાને ટેગ લગાવી કેવડીયા કોલોની ખાતે નવા બનેલા સફારી પાર્ક ખાતે છોડી મુકાયો છે. તો બીજીતરફ અંબોડમાંથી પકડાયેલા દિપડાને વિજયનગરના જંગલ વિસ્તારમાં છોડી મુકવામાં આવ્યો હતો. ત્યારે ત્રણ મહિના પછી ફરીવાર દોલારાણા વાસણા ગામે જંગલ વિસ્તારમાં દિપડાના પગલા દેખાતા ગ્રામજનો ચિંતિત નજરે પડયા છે. દિપડાને લઈ ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો છે તો બીજીતરફ વનવિભાગનું તંત્ર પણ દિપડાને લઈ હરકતમાં આવી ગયું છે. દોલારાણા વાસણા ગામના જંગલ વિસ્તારમાં શોધખોળ કરવામાં આવી રહી છે. તે ઉપરાંત દિપડાને પકડવા માટે સંભવિત વિસ્તારોમાં મારણ સહિતના પાંજરા ગોઠવી દેવાયા છે. પરંતુ હાલના સમયે તો દિપડાને પગલે ગ્રામજનોમાં શિયાળાની ઠંડીની રાતોમાં પણ ઉજાગરાનો માહોલ સર્જાયો છે.





નારાયણ સેવા સંસ્થાએ ઉત્તરાયણ પર્વે ગરીબો અને શ્રમજીવીઓને ઉંધીયા-પુરી જલેબીનું જમણ કરાવ્યું હતું. સંસ્થાના સભ્યોએ ૧૦૦ કિલો પુરી અને ૩૦૦ કિલો ઉંધીયાનું વિતરણ ગરીબો અને શ્રમજીવીઓને કરી પુણ્ય પર્વની ઉજવણી કરી હતી.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**

**છપાક**
૯.૦૦, ૧૧.૪૫, ૧૨.૫૫, ૨.૩૦, ૩.૩૫, ૫.૧૫, ૮.૦૦, ૯.૩૦, ૧૦.૪૫
**તાન્હાજીઃધ અનસંગ વોરિયર**
૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૭.૦૦, ૯.૦૦, ૧૦.૦૦
**દરબાર (હિન્દી)** - ૩.૫૫
**ગુડ ન્યુઝ**
૧૦.૨૦, ૩.૦૦, ૭.૧૦, ૧૦.૦૦
**જુમાનજી ધ નેકસ્ટ લેવલ** (૩-ડી હિન્દી)
૧.૧૫

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**

**છપાક**
૧૦.૩૫, ૧૨.૨૦, ૧.૩૦, ૩.૦૦, ૪.૨૫, ૭.૨૦, ૧૦.૧૫
**તાન્હાજીઃધ અનસંગ વોરિયર**
૯.૩૦, ૧૦.૩૦, ૧૨.૩૦, ૧.૩૦, ૩.૩૦, ૪.૩૦, ૬.૩૦, ૭.૩૦, ૮.૩૦, ૯.૩૦, ૧૦.૩૦
**દરબાર (હિન્દી)** - ૪.૦૦
**ગુડ ન્યુઝ**
૯.૩૫, ૧.૧૦, ૫.૪૦, ૧૦.૩૦

**સિટી પલ્સ, કુડાસણ**

**તાન્હાજી**
૧૧.૪૫, ૧.૦૦, ૪.૦૦, ૪.૪૫, ૭.૦૦, ૯.૪૫, ૧૦.૦૦
**છપાક**
૧૨.૩૦, ૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૭.૧૫, ૯.૩૦
**દરબાર (હિન્દી)**
૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦
**ગુડ ન્યુઝ**
૨.૩૦, ૭.૧૫, ૯.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૧૧.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૫.૦૦

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

**છપાક**
૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦, ૯.૪૫, ૧૦.૪૫
**તાન્હાજી**
૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૦૦, ૫.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦
**દરબાર (હિન્દી)**
૯.૧૫, ૩.૩૦
**ગુડ ન્યુઝ** - ૧૨.૩૦, ૬.૪૫

## સરગાસણના અંતિમધામમાં જરૂરી સુધારા આવશ્યક

ગાંધીનગર, તા.૧૫

નવા ગાંધીનગરના સરગાસણ મુકિતધામને ગુડાના ભૂતપૂર્વ ચેરમેન અશોકભાઈ ભાવસારની ઝીણવટભરી દેખરેખથી સુંદર મુકિતધામ બનાવવામાં આવેલ હતું જે નવા ગાંધીનગરના કુડાસણ, સરગાસણ, રાયસણના ફલેટવાસીઓને આ મુકિતધામ આશીર્વાદરૂપ બનેલ છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી મુકિતધામની દેખરેખમાં નિષ્ક્રિયતા વ્યાપેલી છે. જેમાં અગ્નિદાહ માટે સગડી ઉપરની ચીમનીઓ, પંખાઓ વ્યવસ્થિત ચાલતા નથી અથવા બંધ છે. પરિણામે અંતિમ સંસ્કારના કાર્યમાં વિલંબ થાય છે. લાકડા પણ લીલા હોવાથી જલ્દી અગ્નિ પકડતા નથી પરિણામે અંતિમક્રિયામાં વિલંબ થાય છે તો ચીમની, પંખા, સુકા લાકડાની વ્યવસ્થા કરવાની તાતી જરૂર છે જે લોકોને રાહતરૂપ બનશે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર કુબેરજી મોહનજી, ઉ.વ. ૭૪
- સ્વ. શર્મા દિપક ઓમકારનાથ, ઉ.વ. ૬૨
- સ્વ. જયસ્વાલ અલકાબેન વિજયકુમાર, ઉ.વ. ૪૫
- સ્વ. વાળંદ ભરતકુમાર જયંતિભાઈ, ઉ.વ. ૫૨
- સ્વ. સોલંકી હંસાબેન યોગેશભાઈ, ઉ.વ. ૪૯
- સ્વ. દવે શિલ્પાબેન કનુભાઈ, ઉ.વ. ૩૬